સુવિચાર : જે દિવસે મા-બાપ રૂઠ્યા, તેમની આંખોમાં આંસુ તમારો વૈભવ પ્રભુ પરત લઇ લેશે - પરિતાત્ર

તાપમાન
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૬૯ ટકા

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૪૨ | ૧ ઓગસ્ટ, ૨૦૧૫, શનિવાર ; અષાઢ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

● સંસદના બંને ગૃહો આક્ષેપો-પ્રતિ આક્ષેપોથી ગાજતા રહ્યા

● વ્યાપમ કાંડમાં પ્રોસીક્યુટર નિમવા છ સપ્તાહનો સમય

● પ્રધાન તરીકે સ્મૃતિ ઇરાનીની પસંદગી સામે કોંગ્રેસના આક્ષેપો

● કોલસા કૌભાંડ મામલે મધુ કોડા અને અન્ય ૮ સામે આરોપો

● યાકૂબને ફાંસીથી ડી ગેંગમાં પણ ખળભળાટ

● પાકિસ્તાનની સરહદ ઉપર ૩૦ ત્રાસવાદી કેમ્પ સક્રિય

● જુન સુધી પાક દ્વારા ૧૯૯ વાર યુદ્ધવિરામ ભંગ

● બિહાર ચૂંટણી : નરેન્દ્ર મોદી આક્રમક પ્રચાર કરવા તૈયાર

● દીપા શાહી ઇન્દિરા ગાંધીની ભૂમિકા અદા કરવા સુસજ્જ

● સેંસેક્સ વધુ ૪૦૯ પોઇન્ટ ઉછળી ૨૮૦૦૦થી ઉપર

# લિબિયામાં ચાર ભારતીયના અપહરણ



## ખૂંખાર ત્રાસવાદી સંગઠન આઈએસે પકડી લીધા હોવાના અહેવાલ : ભારતીયોના અપહરણના અહેવાલને વિદેશ મંત્રાલય દ્વારા સમર્થન : કુલ ૪ ભારતીય પૈકી ત્રણ સિરતે યુનિવર્સિટીમાં ફેકલ્ટી

નવીદિલ્હી,તા. ૩૧

ઈરાક અને લિબિયામાં અનેક વિસ્તારોમાં પ્રભુત્વ ધરાવનાર ત્રાસવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટના ત્રાસવાદીઓએ હવે ચાર ભારતીય લોકોના અપહરણ કરી લીધા હોવાના અહેવાલ મળતા ખળભળાટ મચી ગયો છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા વિકાસ સ્વરુપે એક પત્રકાર પરિષદમાં આ અંગેના અહેવાલને સમર્થન આપતા કહ્યું છે કે, ૨૯મી જુલાઈના દિવસે ચાર ભારતીય લોકોના રાત્રે ૧૧ વાગે અપહરણ કરી લેવામાં આવ્યા હતા. ત્રિપોલી અને ટ્યુનિસમાંથી પરત ફરી રહેલા ચાર ભારતીયોને અપહરણ કરી લેવામાં આવ્યા છે. ઈસ્લામિક સ્ટેટ દ્વારા અપહરણ કરાયા હોવાના અહેવાલ મળ્યા છે. પત્રકાર પરિષદમાં સ્વરુપે કહ્યું હતું કે, લિબિયાના શહેર શિરતેનો ભારતીયોને લઈ જવામાં આવ્યા છે. શિરતે શહેરમાંથી આશરે ૫૦ કિલોમીટરના અંતરે સ્થિત ચેકપોઈન્ટ પરથી તેમનું અપહરણ કરવામાં આવ્યું હતું. પ્રવક્તાના જણાવ્યા મુજબ આ ચાર ભારતીય પૈકીના ત્રણ શિરતે યુનિવર્સિટીમાં ફેકલ્ટી તરીકે રહ્યા છે જ્યારે ચોથો ભારતીય

● અનુસંધાન પાન-૭ પર

### ભારતીયોની વાપસી માટે સરકાર પ્રતિબદ્ધ : સુષ્મા

આંધ્રપ્રદેશ સરકારે અપહરણ કરવામાં આવેલા ચાર ભારતીયોની સુરક્ષિત વાપસી માટે ઝડપી પગલા લેવા વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજને અપીલ કરી છે. અપહરણ કરવામાં આવેલા ચાર ભારતીયો પૈકી બે હૈદરાબાદ અને શ્રીકાકુલમના છે. લિબિયામાં તેમના અપહરણ કરવામાં આવ્યા છે. સુષ્મા સ્વરાજને લખવામાં આવેલા પત્રમાં આંધ્ર સરકારના ખાસ પ્રતિનિધિ કે રામામોહન રાવે કહ્યું છે કે, બે પ્રોફેસર આંધ્રપ્રદેશમાં શ્રીકાકુલમના બલરામ અને હૈદરાબાદના ગોપીકૃષ્ણનના ૨૯મી જુલાઈના દિવસે અપહરણ કરી લેવામાં આવ્યા હતા.

# ગાંધીનગર જિલ્લામાં અતિભારે વરસાદના પગલે રોગચાળાનો ભય

ગાંધીનગર, તા. ૩૧

જિલ્લામાં થયેલા ભારે વરસાદ પછી રોગચાળાની સ્થિતિનો ભય ઉભો થયો છે. જિલ્લામાં ૬૦૦થી વધુ લોકો ઝાડા-ખાંસી-તાવની ઝપટમાં આવી ગયા છે.

જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા પણ નોંધાયેલા આ દર્દીઓને પગલે હરકતમાં આવી જઈ અને સેવાઓ સઘન બનાવી છે.

મળતી વિગતો પ્રમાણે કલોલમાં ૪૦૦થી વધુ લોકોને ઝાડા, શરદી, ખાંસી અને તાવ જણાયો છે. તો ગાંધીનગરમાં ગ્રામ્ય વિસ્તારમાં ૧૦૦થી વધુ લોકોને આજ બિમારી જણાઈ છે. દહેગામ અને માણસામાં પણ ૧૨૦થી વધુ લોકો આ બિમારીમાં સપડાયા હોવાનું જાણવા મળેલ છે.

### ૬૦૦ થી વધુ લોકો ઝાડા, શરદી ખાંસી અને તાવમાં સપડાયા : સ્વાઈન ફ્લુના કેસો માટે તંત્રને સાવધ રહેવા તાકીદ

વાદળછાયુ વાતાવરણ અને ભેજનું વધુ પ્રમાણ પણ આ રોગચાળાની સ્થિતિ માટે જવાબદાર હોવાનું મનાઈ રહ્યું છે. જિલ્લામાં પાણીના ક્લોરીનેશનને લઈ પણ પ્રશ્નો છે. જો કે જિલ્લાનું આરોગ્યતંત્ર આમ તો સબ સલામતના દાવાઓ કરી રહ્યું છે પરંતુ જે રીતે દર્દીઓની સંખ્યા વધતી જાય છે તે ચિંતાજનક છે.

મળતી વિગતો પ્રમાણે કલોલમાં પરિસ્થિતિ વધુ વકરી રહી છે. તો ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં પણ પ્રશ્નો વધુ છે. માણસા તાલુકાના ઘણા બધા ગામોમાં પેયજળની ગુણવત્તા સામે પ્રશ્નાર્થો છે એટલું જ નહિ સાંધાના દુઃખાવાની ફરિયાદો સાથે પણ લોકો દવા માટે દોડી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર



**ગુરૂપૂર્ણિમાની મહાઆરતી** - ગાંધીનગર શહેરના પ્રસિદ્ધ ઝુલેલાલ મંદિર ખાતે ગુરૂપૂર્ણિમાની પાવન પ્રભાતે મંગલા મહાઆરતી યોજાઈ હતી... ભારતીય સંસ્કૃતિમાં ગુરૂપદનો મહિમા અનેરો વર્ણવાયો છે... વહેલી સવારથી શહેરના મંદિરો ભક્તોથી છલકાયા હતા.... (તસવીર : દિપક જાની)

